આજની પ્રાર્થના....
અપની નિગાહ મેં હમે રખના, શીખે હમ નેક રાહ પર ચલના, તેરી પનાહમે હમે રખના, શીખે હમ નેક રાહ પર ચલના

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૨૩ | ૧૩ જુલાઈ, ૨૦૨૧, મંગળવાર; અષાઢ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ઉત્તર ભારતમાં વિજળી ત્રાટકતા ૭૫નાં મોત

**યુપી, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં વીજળી પડતાં ૭૫થી વધુનાં મોત : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દુઃખ વ્યક્ત કરી મોતને ભેટેલા લોકોને ૨-૨ લાખ રૂપિયા અને ઘાયલો માટે ૫૦-૫૦ હજાર રૂપિયાની સહાયતાની જાહેરાત કરી : ઉત્તરપ્રદેશમાં વીજળી પડવાથી અત્યાર સુધી કુલ ૪૪થી વધુના મોત નિપજ્યા : રાજસ્થાનના જયપુરમાં આમેર મહેલ પર વીજળી ત્રાટકતા સેલ્ફી લઇ રહેલ ૧૧ લોકોના મોતથી ખળભળાટ મચ્યો, મધ્યપ્રદેશમાં ૭થી વધુના મોત નિપજ્યા**

જયપુર,તા.૧૨

ઉત્તર ભારતમાં ચોમાસાના આગમન બાદ વરસાદ શરુ થઈ ગયો છે.બીજી તરફ યુપી, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં વરસાદની સાથે વીજળી પડવાના કારણે ૭૫થી વધારે લોકોના મોત થયા છે. વીજળી પડવાથી થયેલા મોતને લઈને પીએમ મોદીએ પણ મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.પીએમ મોદીએ મોતને ભેટેલા લોકોને ૨-૨ લાખ રુપિયા અને ઘાયલો માટે ૫૦-૫૦ હજાર રુપિયાની





સહાયતાની જાહેરાત કરી છે. યુપીમાં જ વીજળી પડવાથી ૪૪ લોકોના મોત થયા છે અને બીજા ૪૭ લોકો દાઝી ગયા છે.બીજી તરફ રાજસ્થાનમાં પણ સાત બાળકો સહિત ૨૦ લોકોએ વીજળી પડવાથી જીવ ગુમાવ્યો છે અને બીજા ૨૧ ઘાયલ થયા છે.જયપુરના આમેર કિલ્લાના વોચ ટાવર પર વીજળી પડવાથી ૧૨ લોકોના મોત થયા છે.મરનારા લોકો વીજળી પડી ત્યારે સેલ્ફી લઈ રહ્યા હતા અને મોસમની મજા માણવા માટે ભેગા થયા હતા.આ ઘટનામાં ૧૭ લોકો દાઝી પણ ગયા છે. એ પછી લોકોની મદદ કરવા માટે તંત્ર દ્વારા રાહત કાર્ય હાથ ધરવામાં આવ્યુ હતુ.રાજસ્થાન સરકારે મરનારા વ્યક્તિઓના પરિવારજનોને ૪-૪ લાખ રુપિયા આપવાની જાહેરાત કરી છે. મધ્યયપ્રદેશમાં પણ વીજળી પડવાથી અલગ અલગ વિસ્તારમાં સાત લોકોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે રાજધાની દિલ્હી અને તેની આસપાસના વિસ્તારમાં હજુ પણ લોકો ચાતક નજરે ચોમાસાની રાહ

● અનુસંધાન પાન-૭ પર

## સંસદનું ચોમાસું સત્ર ૧૯ જુલાઈથી ૧૩ ઓગસ્ટ દરમિયાન યોજાશે

**તમામ સભ્યો અને મીડિયાને કોવિડના નિયમો અનુસાર મંજૂરી અપાશે**

નવી દિલ્હી, તા.૧૨

સંસદનું મોન્સૂન સત્ર ૧૯ જુલાઈથી ૧૩ ઓગસ્ટ સુધી મળશે. લોકસભા સ્પીકર ઓમ બિરલાએ તેની જાણકારી આપી છે. તેમણે કહ્યું કે, સંસદનું મોન્સૂન સત્ર ૧૯ જુલાઈથી ૧૩ ઓગસ્ટ સુધી યોજાશે, તેમાં ૧૯ કાર્યદિવસ હશે.

લોકસભા સ્પીકરે કહ્યું, તમામ સભ્યો અને મીડિયાને કોવિડ નિયમોનું અનુસાર મંજૂરી આપવામાં આવશે. આરટીપીસીઆર ટેસ્ટ ફરજિયાત નથી. અમે એવા લોકોને વિનંતી કરીશું જેમણે રસી નથી લીધી તે ટેસ્ટ કરાવે. મોન્સૂન સત્રમાં આ વખતે વિપક્ષ સરકારને અનેક મુદ્દે ઘેરવાનો પ્રયત્ન કરશે. હાલમાં જ ઉત્તર પ્રદેશમાં બ્લોક પ્રમુખ ચૂંટણીમાં થયેલ હંસા હોય કે રસીકણરી ધીમી ગતિ હોય કે પછી ત્રીજી લહેરને લઈને તૈયારીઓ હોય, આ તમામ મુદ્દા પર વિપક્ષ સરકાર પર નિશાન સાધવાનો પ્રયત્ન કરશે. કૃષિ કાયદા રદ્દ કરવાની માગ પણ ફરી એક વખત સંસદમાં ઉઠી શકે છે. જ્યારે બીજી બાજુ સરકારનો પ્રયત્ન હશે કે કોઈપણ વિઘ્ન વગર વધુમાં વધુ સંસદનું કામકાજ થાય.

## હજુ તહેવારોની ઉજવણી યોગ્ય નથી : આઈએમએ

નવી દિલ્હી, તા.૧૨

કોરોનાની બીજી લહેરનુ જોર ભલે ઓછુ થયુ હોય પણ હાલમાં કોઈ પણ તહેવારની જાહેર ઉજવણી કરવી યોગ્ય નથી તેવુ ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના અધ્યક્ષ ડો.જે એ જયલાલનુ કહેવું છે.

સાથે સાથે તેમણે સરકારને પણ અપીલ કરતા કહ્યુ હતુ કે, ઈન્ડિયન મેડિકલ એસોસિએશન સરકારને અનુરોધ કરે છે કે, કોઈ પણ પ્રકારના સામૂહિક સમારોહના આયોજનોને મંજૂરી



આપતા પહેલા ફરી વિચાર કરવામાં આવે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩૭૦૦૦ કેસ સામે આવ્યા છે.આ સાથે જ કુલ પોઝિટિવ કેસની સંખ્યા વધીને ૩.૦૮ લાખ પર પહોંચી ગઈ છે.છેલ્લા ૨૪ કલાકમાં ૭૨૪ લોકોના મોત થયા છે.દેશમાં હાલમાં કોરોનાના ૪.૫૦ લાખ જેટલા સક્રિય કેસ છે.

**કોરોનાની બીજી લહેરનું જોર ઘટવા છતાં તકેદારી જરૂરી : કોઈ પણ પ્રકારના સામૂહિક સમારોહના આયોજનોને મંજૂરી આપતા પહેલા ફરી વિચાર કરવામાં આવે**

સ્વાસ્થ્ય મંત્રાલયનુ કહેવુ છે કે, દેશમાં રીકવરી રેટ ૯૭.૨૨ ટકા છે.જ્યારે રોજને પોઝિટિવિટી રેટ ૨.૫૯ ટકા છેદેશણાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨.૩૫ લાખ લોકોને કોરોના વાયરસની વેક્સીન આપવામાં આવી છે.આ સાથે જ કોરોનાની વેક્સીન લેનાર લોકોની સંખ્યા ૩૭.૭૩ કરોડ થઈ ચુકી છે.

## હિમાચલ પ્રદેશમાં વાદળ ફાટતા નદીઓએ ધારણ કર્યું રૌદ્ર સ્વરૂપ

**રસ્તાની સાઇડ પર પાર્ક કરેલા વાહનો તણાયા, નદીઓ તોફાને ચઢી**





શિમલા,તા.૧૨

દેશમાં એક તરફ ચોમાસાની લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ત્યારે બીજી તરફ હિમાચલ પ્રદેશમાં આવેલા ધર્મશાળામાં એટલો ભારે વરસાદ પડ્યો છે કે અહી પૂરની સ્થિતિનું નિર્માણ થયુ છે. જણાવી દઈએ કે, હિમાચલ પ્રદેશનાં કાંગરા જિલ્લામાં વરસાદે તાંડવ મચાવ્યું છે. ધર્મશાળામાં સ્થિત ભાગસુનાગમાં વાદળ ફાટવાના કારણે એટલુ જબરદસ્ત પૂર આવ્યુ કે રસ્તાની સાઈડ પર પાર્ક કરેલા વાહનો પણ તણાઈ ગયા હતા. પ્રકૃતિનાં આ ભયંકર સ્વરૂપને જોઈ લોકો પણ ભયભીત થઈ ગયા છે. ગત રાતથી રાજ્યભરમાં મુશળધાર વરસાદ વરસી રહ્યો છે, નદીઓ તોફાને ચઢી છે.

સવારે આઠ વાગ્યાની આસપાસ, પર્યટક સ્થળ મેક્લોડગંજનાં ભાગસુનાગથી ઉપર આવેલી નાલીનો માર્ગ બદલાઈ ગયો. નાલી ડાયવર્ટ થઈ હોવાના કારણે ભાગસુનાગ મંદિર રોડ પર સ્થિત પાર્કિંગ તરફ પાણી વહી જવા લાગ્યું હતું અને પાર્કિંગની બાજુમાં ચાર કાર અને અનેકો બાઈકો તણાઈ ગયા હતા. આ સિવાય ભાગસુનાગ સ્કૂલને પણ ભારે નુકસાન ભોગવવુ પડ્યુ છે. પાણીનાં પ્રવાહને કારણે અડીને આવેલી હોટલો પણ પાણીથી ભરાઈ ગઈ છે. ધર્મશાળામાં શિલા ચોકની પાસે ખડમાં પૂરનાં કારણે ત્રણ માળનું મકાન ધરાશાયી થયું હતું.

વળી અહી ફાયર બ્રિગેડનાં વાહનો પણ પહોંચી શકતા નથી. રસ્તો અવરોધિત હોવાના કારણે ગાડીઓની અવર-જવર બંધ થઈ ગઈ છે. જણાવી દઈએ કે, ભારે વરસાદનાં કારણે ધર્મશાળામાં માંજી નદી તાંડવ કરી રહી છે. નદીનું જળસ્તર સતત વધી રહ્યુ છે, જે લોકો માટે મુસિબત ઉભી કરી રહ્યુ છે. રવિવારે મોડી રાતથી ધર્મશાળામાં ભારે વરસાદ પડી રહ્યો છે, જેના કારણે હવે નદીઓ અને નાલીઓએ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. ભારે વરસાદને કારણે અનેક સ્થળોએથી નુકસાનનાં અહેવાલો પણ બહાર આવી રહ્યા છે.

બીજી તરફ જમ્મુ-કાશ્મીરનાં ગાંદરબલમાં વાદળ ફાટવાની ઘટના સામે આવી છે, જેના કારણે તબાહી સર્જાઈ છે. વાદળ ફાટવા પર કાટમાળનાં કારણે નદીઓ તોફાન કરી રહી છે. ઘણા મકાનોને પણ નુકસાન થયું છે. ગામનાં લોકોને પોતાનુ ઘર છોડીને બહાર આવવું પડ્યું છે.

## કોરોના પર મોદીની આજે ૮ મુખ્યમંત્રીઓ સાથે બેઠક

નવી દિલ્હી, તા.૧૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મંગળવારે ઉત્તર-પૂર્વી રાજ્યોમાં કોરોનાની સ્થિતિની સમીક્ષા માટે મુખ્યમંત્રીઓની સાથે બેઠક કરશે. અસમ, નાગાલેન્ડ, ત્રિપુરા, સિક્કિમ, મણિપુર, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ અને મિઝોરમના મુખ્યમંત્રીઓ સાથે આ બેઠક આવતીકાલે સવારે ૧૧ કલાકે યોજાશે. અરૂણાચલ પ્રદેશમાં કોવિડ-૧૯ના સોમવારે ૨૫૪ કેસ સામે આવ્યા છે અને એકનું મોત થયું છે.

અસમમાં રવિવારે કોરોનાના ૧૫૭૯ કેસની પુષ્ટિ થઈ હતી અને ૧૬ લોકોના નિધન થયા હતા. નાગાલેન્ડમાં રવિવારે ૭૮ નવા કેસ સામે આવ્યા હતા. રાજ્યમાં અત્યાર સુધી ૨૫૯૭૬ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે અને ૫૦૭ દર્દીઓના મોત થયા છે. સિક્કિમમાં રવિવારે કોરોના સંક્રમણના ૧૪૪ કેસ સામે આવ્યા અને બે લોકોના નિધન થયા હતા. રાજ્યમાં અત્યાર સુધી ૨૨૩૦૭ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે અને ૩૧૫ લોકોના મૃત્યુ થયા છે.





